આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૧૬-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## PM-ગુજરાત મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલથી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે. તેઓ આજે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત બીજલી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોરિ-ઇન્વેસ્ટનું ઉદ્દઘાટન કરશે અને બપોરે પોણા બે વાગે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલના બીજા તબક્કાનો આરંભ કરાવશે અને સેક્ટર એક મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીની સવારી કરશે.

બપોરે સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8 હજાર કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી આજે ભુજથી અમદાવાદ સુધીની દેશની પહેલી વંદે ભારત મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી તેમના ત્રીજા કાર્યકાળમાં પ્રથમ વાર ગૃહરાજ્યની મુલાકાતે આવી રહ્યા છે.

**(RNU અમદાવાદ/નેહલ ઠક્કર)**

---

## PM-ભુજ-અમદાવાદ વંદે મેટ્રો ટ્રેનનું વર્ચ્યુઅલ ઉદઘાટન

પ્રધાનમંત્રી મોદી આજે વંદે મેટ્રો ટ્રેનનું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદઘાટન કરવાના છે. તેથી ભુજ અમદાવાદ વચ્ચે દોડનારી વંદે મેટ્રો ટ્રેનને વહેલી ઉપાડવામાં આવશે. ત્યારબાદ આવતીકાલે મંગળવારે અમદાવાદથી અને ભુજથી બુધવારે ટ્રેન નિયમિતપણે ઉપડશે.

આ ટ્રેન નો સામાન્ય રીતે સમય ભુજથી સવારના **05** વાગીને **30** મિનીટનો રાખવામાં આવ્યો છે પરંતુ આજે એક ફ્રી ટ્રીપ રાખવામાં આવી છે તે બપોરે **2** વાગીને **45** મીનીટે ઉપડશે. જે અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખીયાળી, હળવદ, ધાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા, સાબરમતી થઈને રાત્રે નવ વાગ્યે અમદાવાદ પહોચશે. આ કારણે એક દિવસ પૂરતો ભુજ બાંદ્રા સુપર ફાસ્ટનો ટાઈમ પણ બદલવામાં આવ્યો છે.

શ્રી મોદી સામખીયાળી-ગાંધીધામ અને ગાંધીધામ-આદિપુર રેલવે લાઇનનો ચાર માર્ગી વિસ્તરણનો શિલાન્યાસ પણ કરશે.

**(RNU અમદાવાદ/નેહલ ઠક્કર)**

---

## કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી- ડૉ. મનસુખ માંડવિયા

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ગઈકાલે રાજકોટ પહોંચ્યા હતા. ત્યાં તેમણે પશ્ચિમના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતુ કે, વર્તમાન બજેટ યુવાનોને રોજગારી માટેનુ રહ્યું હતું. આગામી 5 વર્ષમા 2 લાખ કરોડ ઇન્વેસ્ટ કરીને 4 કરોડ રોજગારીનું નિર્માણ કરવામા આવશે. જેમાં દેશના 1 કરોડ યુવાનોને દેશની 500 પ્રીમિયમ કંપનીઓમાં 1 વર્ષ માટે ઇન્ટરનશીપ આપવામાં આવશે. આ બેઠક ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો સાથે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી ચર્ચા વિચારણાની શ્રેણીનો એક ભાગ છે

**(DD NEWS/નેહલ ઠક્કર)**

---

## ઈદે મિલાદ

આજે મુસ્લિમો ઇદે મિલાદનું પર્વ મનાવી રહ્યા છે. કચ્છમાં ભુજ તેમજ કેટલાક સ્થળોએ આજે ઈદ જુલૂસનું આયોજન થયું છે. ઈદનાં પર્વને અનુલક્ષીને મસ્જિદોને રોશનીથી ભવ્ય રીતે ઝળહળતી કરવામાં આવી છે.

**(ચંદ્રવદન પટ્ટણી/નેહલ ઠક્કર)**

--------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી જન્મ દિવસ -દિવ્યાંગોને સાધન સહાય વિતરણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિતે સાંસદ વિનોદ ચાવડા દ્વારા આવતીકાલે જીલ્લામાં વિકાસ વંચિતો, દિવ્યાંગો અને જરૂરતમંદો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પ્રધાનમંત્રી જન કલ્યાણ લાભાર્થે ડો. બાબાસાહેબ આંબેડકર હોલ-ભુજ મધ્યે સવારે 10 વાગ્યે દિવ્યાંગોને સાધન-સહાય સાંસદના હસ્તે અપાશે. ભારત સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ 200 થી વધુ લાભાર્થીને વિવિધ સહાયો અપાશે. દિવ્યાંગો તથા મસ્ક્યુલર ડિસ્ટ્રોફી રોગના દર્દીઓ માટે સંસ્થાઓના સહયોગથી સાંસદ દ્વારા વિરામ હોટલ-ભુજ પરિસરમાં સવારે 11 વાગ્યે સાધનોનું વિતરણ કરાશે. મોટા આસંબિયા હાઇસ્કૂલમાં કોમ્પ્યુટર લેબનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરાશે.

**(માહિતી ખાતુ/નેહલ ઠક્કર)**

--------------------------------------------------------------------------------

## અબડાસા વિધાનસભા વિસ્તાર-રસ્તા સુધારણા

અબડાસા વિધાનસભા બેઠક વિસ્તારના નખત્રાણા, લખપત, અબડાસા ત્રણ તાલુકાના રસ્તા વિકાસકામો માટે તંત્ર દ્વારા રૂા. 43 કરોડ મંજૂર કરાતા અનેક વિસ્તારોના રસ્તાઓની સમસ્યાનું નિવારણ થશે. સરહદી અબડાસા વિધાનસભા વિસ્તારના જાહેર કે અંતરિયાળ ગામોનો એક પણ રસ્તો સુધારણા વગર બાકી ન

રહે તેવી સરકારની નીતિથી અને અબડાસા મતવિસ્તારના લોકોની અપેક્ષા અને માંગણીથી તંત્ર સમક્ષ દરખાસ્ત કરાયેલા રસ્તા સુધારણા અંતર્ગત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ-સડક યોજના વર્ષ 2024-25 અંતગર્ત રસ્તા મરંમત, નાળાકામ, ડામર આનુસંગિક સુધારણા કામ માટે રૂા. 43 કરોડ મંજૂર કરાયા હતા તેવું એક યાદીમાં જણાવ્યું છે.

**(નેહલ ઠક્કર/NP)**

**-------------------------------------------------------------------------------**

## કચ્છ યુનિવર્સિટી-યુવક મહોત્સવ

કચ્છ યુનિવર્સિટી દ્વારા 19માં યુવક મહોત્સવનું આયોજન કરાયું છે.ગત વર્ષે તોલાણી કોલેજમા મહોત્સવ યોજાયો હતો આ વખતે યુનિવર્સિટી કેમ્પસ તેમજ યુની.ની સામે આવેલી મુકતજીવન સ્વામીબાપા મહિલા કોલેજમાં મહોત્સવનું આયોજન કરાયું છે. કુલપતિ ડો.મોહન પટેલના માર્ગદર્શન હેઠળ આગામી તારીખ 26 અને 27 સપ્ટેમ્બરના યોજાનારા 19મા યુવક મહોત્સવમાં સંગીત, નૃત્ય, નાટય, સાહિત્ય અને ચિત્રકલાને લગતી વિવિધ 26 જેટલી સ્પર્ધાઓમાં યુનિવર્સિટી સંલગ્ન 47 ભવનો/કોલેજોના 1250 વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લેશે.

**(નેહલ ઠક્કર/NP)**

**-------------------------------------------------------------------------------**